**આંક :- /બી**

દાખલ તારીખ :- ૨૮/૦૨/૨૦૨૬

રજીસ્ટર તારીખ :- ૨૮/૦૨/૨૦૨૬

નિકાલ તારીખ :- ૧૮/૦૩/૨૦૨૬

સમય :- વર્ષ- માસ- દિવસ.

૦૦ ૦૦ ૧૮

**મે.કચ્છ જીલ્લાના ચોથા અધિક સત્ર ન્યાયાધિશ સાહેબની કોર્ટમા,**

**ગાંધીધામ-કચ્છ.**

**ફો.પ.અ.નં. : ૧૪૮/૨૦૨૬**

**અરજદાર :-** **કનૈયા સ/ઓફ. ભીમશીભાઈ ગઢવી**

ઉ.વ.૩૦, ધંધો: નોકરી,

રહે. ગામ.મોટા લાયજા, તા.માંડવી-કચ્છ.

**વિરૂધ્ધ.**

**સામાવાળા :-** **શ્રી સરકાર**

**બાબત:-** ફો.પ.અ.નં.૯૬/૨૬ ના કામે લાદવામાં આવેલ શરત નં.(૭) રદ કરવા બાબત.

**અરજદાર તરફે :-વિ.વ.શ્રી એન.એ.ગઢવી**

**સામાવાળા તરફે :- વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

**જજમેન્ટ.**

૧. અરજી તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. રેકર્ડ વંચાણે લીધું. અરજદાર તરફે વિ.વ.શ્રી એન.એ.ગઢવીને તથા સામાવાળા તરફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવીને સાંભળ્યા.

૨. સદર કામે હાલની અરજી અરજદાર તરફે ગાંધીધામ રેલ્વે પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૯૯૪૦૦૪૨૬૦૦૦૫/૨૬ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧ મુજબના ગુનાના કામે અરજદારને ફો.પ.અ.નં.૯૬/૨૬ ના કામે તા.૧૬–૨–૨૬ ના રોજ નામ.કોર્ટ દવારા શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલ અને સદર હુકમમાં લાદવામાં આવેલ શરતો પૈકી શરત નં.(૭) થી અરજદાર/આરોપીઓએ સબંધિત અદાલતની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી તેવી શરત લાદવામાં આવેલ હતી. અરજદાર ભારતીય સેનામાં તા.૨૪–૧૨–૧૬ થી નાઈક તરીકે નોકરી કરે છે અને હાલે જોધપુર–રાજસ્થાન ખાતે ફરજ બજાવે છે. ઉપરોકત જામીન અરજીના કામે લાદવામાં આવેલ શરત નં.(૭) મુજબ અરજદાર ગુજરાત રાજય બહાર જોધપુર ખાતે પોતાની ફરજ બજાવવા જઈ શકતા નથી, જો અરજદાર લાંબા સમય સુધી પોતાની ફરજના સ્થળે હાજર ન રહે તો તેઓ વિરુધ્ધ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે અને અરજદારને સસ્પેન્ડ કરવામાં આવે તો અરજદારને ખુબજ મોટુ નુકશાન થાય તેમ છે. વધુમાં ભારતીય સેનાના નીયમ મુજબ અરજદારની ગમે ત્યારે ગુજરાત રાજય સીવાયના અન્ય રાજયમાં ટ્રાન્સફર કરવામાં આવે તેમ છે. અરજદારના શીરે તેમના પરીવારની જવાબદારી રહેલી છે. જેથી, નામ.કોર્ટે ફો.પ.અ.નં.૯૬/૨૬ ના કામે હુકમ કરી લાદવામાં આવેલ શરતો પૈકી શરત નં.(૭) રદ ફરમાવી અરજદારને ગુજરાત રાજયની હદ છોડવા પરવાનગી આપવા અરજ ગુજારેલ છે.

૩. અરજદાર તરફે વિ.વ.શ્રી એન.એ.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, અત્રેની કોર્ટે ફો.પ.અ.નં.૯૬/૨૬ ના કામે હુકમ કરી લાદવામાં આવેલ શરતો પૈકી શરત નં.(૭) માં

અરજદાર/આરોપીઓએ સબંધિત અદાલતની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી તેવી શરત લાદવામાં આવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર ભારતીય સેનામાં નાઈક તરીકે જોધપુર–રાજસ્થાન મુકામે ફરજ બજાવે છે. અરજદારના સર્વિસ સર્ટીફીકેટની નકલ માર્ક–૩/૨ થી રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ઉપરોકત જામીન અરજીના કામે લાદવામાં આવેલ શરત નં.(૭) મુજબ અરજદાર ગુજરાત રાજય બહાર જોધપુર ખાતે પોતાની ફરજ બજાવવા જઈ શકતા નથી, જો અરજદાર લાંબા સમય સુધી પોતાની ફરજના સ્થળે હાજર ન રહે તો તેઓ વિરુધ્ધ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે અને અરજદારને સસ્પેન્ડ કરવામાં આવે તો અરજદારને ખુબજ મોટુ નુકશાન થાય તેમ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ભારતીય સેનાના નીયમ મુજબ અરજદારની ગમે ત્યારે ગુજરાત રાજય સીવાયના અન્ય રાજયમાં ટ્રાન્સફર કરવામાં આવે તેમ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર તપાસમાં સહકાર આપશે તેમજ ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે હાજર રહેશે અને નામ.કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી સદર તમામ હકીકતો ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ અરજી લગત શેરો કરી યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે.

૫. બન્ને પક્ષકારો તરફેના વિ.વ.શ્રીઓની રજુઆત, રજુ થયેલ દસ્તાવેજી આધાર વંચાણે લીધા. અરજદાર તરફે ગાંધીધામ રેલ્વે પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૯૯૪૦૦૪૨૬૦૦૦૫/૨૬ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧ મુજબના ગુનાના કામે અરજદારને ફો.પ.અ.નં.૯૬/૨૬ ના

કામે તા.૧૬–૨–૨૬ ના રોજ અત્રેની કોર્ટ દવારા શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલ અને સદર હુકમમાં લાદવામાં આવેલ શરતો પૈકી શરત નં.(૭) રદ કરવા હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે વિ.વ.શ્રીની દલીલ મુજબ અરજદાર ભારતીય સેનામાં નાઈક તરીકે જોધપુર–રાજસ્થાન મુકામે ફરજ બજાવતા હોઈ તેમજ જામીન અરજીના કામે લાદવામાં આવેલ શરત નં.(૭) મુજબ અરજદાર ગુજરાત રાજય બહાર જોધપુર ખાતે પોતાની ફરજ બજાવવા જઈ શકતા ન હોઈ અને જો અરજદાર લાંબા સમય સુધી પોતાની ફરજના સ્થળે હાજર ન રહે તો તેઓ વિરુધ્ધ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે અને અરજદારને સસ્પેન્ડ કરવામાં આવે તો અરજદારને ખુબજ મોટુ નુકશાન થાય તેમ હોઈ તેમજ ભારતીય સેનાના નીયમ મુજબ અરજદારની ગમે ત્યારે ગુજરાત રાજય સીવાયના અન્ય રાજયમાં ટ્રાન્સફર કરવામાં આવે તેમ હોઈ, સદર હુકમમાં લાદવામાં આવેલ શરતો પૈકી શરત નં.(૭) રદ કરવા જણાવેલ છે. અરજદાર/આરોપીએ તપાસમાં સહકાર આપવા અને ટ્રાયલના કામે નિયમીત હાજર રહેતા હોવાનું સોગંદ ઉપર જાહેર કરેલ છે, જેથી સદર હુકમમાં અત્રેની કોર્ટ દવારા જામીન અરજીના કામે લાદવામાં શરત નં.(૭) અરજદાર/આરોપીઓએ સબંધિત અદાલતની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી તેવી શરત લાદવામાં આવેલ તેમાં ફેરફાર કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન જાય તેમ જણાતું ન હોઈ અને સદર હુકમમાં લાદવામાં શરત નં.(૭) માં ફેરફાર કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોઈ અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ ::-</u>**

૧. અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

૨. ગાંધીધામ રેલ્વે પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૪૦૦૪૨૬૦૦૦૫/૨૬ પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧ મુજબના ગુનાના કામે અરજદારને ફો.પ.અ.નં.૯૬/૨૬ ના કામે તા.૧૬-૨-૨૬ ના રોજ અત્રેની કોર્ટે હુકમ કરી લાદવામાં આવેલ શરતો પૈકી શરત નં.(૭) માં ફેરફાર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અરજદારે સબંધિત અદાલતની પરવાનગી વગર ભારત દેશની હદ નહી છોડવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમની યાદી સબંધિત ટ્રાયલ અદાલતને તથા સબંધિત પો.સ્ટે. ને લેખીતમાં મોકલવી.

આ હુકમ આજ રોજ તા.૧૮મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ-કચ્છ.
તા.૧૮-૦૩-૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડીશનલ સેશન્સ જજ
ગાંધીધામ-કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)